1. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. સ્વતંત્રતા અને કાયદા વચ્ચેનો સંબંધ

- મનુષ્ય સામાજીક પ્રાણી છે. સમૂહ જીવનમાં પ્રત્યેક વ્યક્તિ સ્વતંત્ર છે. પરંતુ વ્યક્તિગત સ્વતંત્રતા અન્યને મુશ્કેલીમાં ન મુકે તે માટે એક ચોક્કસ વ્યવસ્થા જરૂરી બની. જે રાજય શાસન વ્યવસ્થા તરીકે ઓળખાઈ. રાજય દ્વારા મનુષ્યના વર્તનને નિયંત્રીત કરવા કાયદાઓ વિકસાવ્યા. રાજયના સભ્ય તરીકે નાગરિકે કાયદાની મર્યાદામાં સ્વતંત્રતાનો ઉપયોગ કરવાનો હોય છે.
- દા.ત. વાણી સ્વતંત્રતા. કાવંદાપાલનથી જ વ્યક્તિ પોતે સ્વતંત્રતા ભોગવી શકે છે અને બીજીને સ્વતંત્રતા ભોગવવા દે છે. રાજ્યના કેટલાક કાયદાઓ સામે વ્યક્તિઓએ અવાજ ઉઠાવ્યો છે. દા.ત. ફાંસીની સજ, કેટલાક નાગરિકો કાયદાના ઓછા નિયંત્રણોની માંગ કરે છે.
- વ્યક્તિવાદીઓ લોકસંમતિથી કાયદા ઘડાય તેની હિમાયત કરે છએ. દા.ત. લોકપાલ. વ્યક્તિની સ્વતંત્રતાના રક્ષણ માટે અને તેના સંવર્ધન માટે ઓછાં  વધતાં પ્રમાણમાં કાયદા જરૂરી છે.

2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.સ્વતંત્રતાનું હકારાત્મક અને નકારાત્મક પાસું

- (અ) હકારાત્મક પાસું : મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે. એક મનુષ્ય તરીકે જે કરવા જેવું છે. તે કરવાની તેને મોકળાશ હોય એ જરૂરી છે. વ્યક્તિ પોતાનું જીવન હર્યું ભર્યું બનાવી શકે, જીવનને માણી શકે, તેમ કરવાની અનુકૂળતા હોવી જોઈએ. આમ, વ્યક્તિના સવાંગી વિકાસને પોષતી સ્વતંત્રતા એ હકારાત્મક સ્વતંત્રતા છે.
- (બ) નકારાત્મક સ્વતંત્રતા : વ્યક્તિગત જીવનના બે પાસાંઓ છે.

  (A) મનુષ્યનું અંગત જીવનમાં આ અંગત જીવનમાં રાજયે કોઈપણ પ્રકારની દખલગીરી કરવી જોઈએ નહિ. કારણ કે વ્યક્તિના અંગત જીવનથી બીજાને હાની થતી નથી. દા.ત. ધર્મમાં માનવું કે નહીં?

  (B) જયારે વ્યક્તિનું બીજું પાસું જાહેર જીવન છે અને જાહેર જીવન બીજા વ્યક્તિઓના કાર્યમાં દખલગીરી કરતું તો રાજય વ્યક્તિના આવા વર્તનને નિયંત્રિત કરે છે. દા. ત. મોટા લાઉડ સ્પીકરો દ્વારા રાત્રી સમયે ધાર્મિક પ્રાર્થનાઓ ઈબાદત કરવી.

3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. હકારાત્મક અને નકારાત્મક સમાનતા

- સમાનતાના બે પાસા છે. (A) હકારાત્મક સમાનતા (B) નકારાત્મક સમાનતા.

  (A) હકારાત્મક સમાનતા : કોઈપણ જાતના ભેદભાવ વગર, વ્યક્તિને તેના વિકાસની સમાન તકો મળી રહે તો તે હકારાત્મક સમાનતા છે.  હકારાત્મક સમાનતા ન્યાયના ખ્યાલની સાથે સુસંગત છે.  બંધારણમાં S.C, S.T, OBC કે મહિલાઓને સરકારી નોકરીમાં જે અનામત અપાયું છે તે હકારાત્મક સમાનતા છે.

  (B) નકારાત્મક સમાનતા : સમાજના કેટલાક વ્યક્તિઓના હાથમાં જમીન અને સંપત્તિનું કેન્દ્રીકરણ રોકવા સરકારે નિષેધાત્મક કાયદા બનાવેલ છે.નિષેધાત્મક વ્યવસ્થા સમાનતાનો ભંગ થતો અટકાવે છે. દા.ત,. જમીન ટોચ મર્યાદા, ગણોતધારો.

4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. સમાનતા અને સ્વતંત્રતા વચ્ચેનો સંબંધ

- સ્વતંત્રતા અને સમાનતા વચ્ચેના સંબંધો વિશે મતમતાંતરો જોવા મળે છે, જે નીચે મુજબ છે. (1) સ્વતંત્રતા અને સમાનતા પરસ્પર વિરોધી છે : આ મત મુજબ સમાનતા માટે કેટલાક નિયંત્રણો મૂકવા જરૂરી છે અને નિયંત્રણો એ સ્વતંત્રતાના ખ્યાલ વિરુદ્ધ છે.
- દા.ત. મિલકતોનો હક કુદરતી છે. તેના પર નિયંત્રણ મુકી શકાતા નથી, પરંતુ સમાજમાં સમાનતા લાવવા સરકાર તેમ કરે છે, જે સ્વતંત્રતાની વિરુદ્ધ છે. અન્ય મત મુજબ સ્વતંત્રતા અને સમાનતા એક બીજાની વિરોધી નથી .
- આ મત મુજબ સમાનતા વિના વિશેષાધિકારો ઊભા થયા એ સ્વતંત્રતા વિરોધી છે. તેઓ આર્થિક જરૂરિયાતોના અભાવમાં રાજકીય સ્વતંત્રાને બિનઉપયોગી માને છે. વ્યક્તિના વિકાસ માટે સ્વતંત્રતા અને સમાનતા બંને જરૂરી છે. સ્વતંત્રતાના ભોગે સમાનતા લાવવાનો પ્રયત્ન વ્યર્થ છે. એટલે સ્વતંત્રતા અને સમાનતા પૂરક બને તે વધુ ઈચ્છનીય છે.